# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-12-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM BAPS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અમદાવાદમાં બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા-BAPS ની સુવર્ણ જયંતી ઉજવણી સમારોહમાં વર્ચ્યુઅલ રીતે સંબોધન કરશે. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ  ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં વિશ્વના 30 દેશોમાં સેવારત એક લાખથી વધુ કાર્યકરોનું સન્માન કરવામાં આવશે અને 2 હજારથી વધુ કલાકારો સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરશે.

બીએપીએસ સંસ્થાના સ્વયં સેવકોએ કોવિડ-10 ઉપરાંત ધરતીકંપ, પુર જેવી કુદરતી આપત્તિઓમાં 25 ગામોનું પુનઃવર્સન અને 75 શાળાઓના નિર્માણમાં યોગદાન આપ્યું છે.

# AMIT SHAH GUJ. VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બંધારણમાં વર્ણવેલ કલ્યાણ રાજ્યની પરિકલ્પનાને વાસ્તવિકતામાં ફેરવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ભાજપ સરકારની પ્રશંસા કરી છે.

અમદાવાદમાં લોકસેવા ટ્રસ્ટના વાર્ષિક સમારોહને સંબોધતા શ્રી શાહે જણાવ્યું હતું કે, ભાજપ સરકાર ગરીબી નાબૂદી, પરવડે તેવા આવાસ, તબીબી સંભાળ અને શિક્ષણ અને નાગરિકો માટે શ્રેષ્ઠ જીવન પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે રાષ્ટ્રના સર્વાંગી વિકાસનું લક્ષ્ય ધરાવે છે. “સેવા એ જ સંસ્કાર” એ ગુજરાતની ધરોહર છે એમ કહીને મંત્રીશ્રીએ સમાજ સેવા,

ખાસ કરીને રક્ત અને અંગદાનમાં રાજ્યના અનુકરણીય યોગદાનની પ્રશંસા કરી હતી.

## (બાઇટ- અમિત શાહ- ગૃહમંત્રી)

આ પ્રસંગે શ્રી શાહે લોકોને વ્યક્તિગત હિતોથી ઉપર ઊઠીને સમાજના કલ્યાણ માટે પોતાને સમર્પિત કરવા વિનંતી કરી હતી, જેને તેમણે રાષ્ટ્રની સાચી સેવા ગણાવી હતી. તેમની ગુજરાત મુલાકાત દરમિયાન શ્રી શાહે આજે સવારે અમદાવાદમાં 70 બેડની ગ્લોબલ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું હતું. બાદમાં આજે તેઓ સાંજે BAPS અક્ષરધામની સુવર્ણ જયંતી ઉજવણીમાં ભાગ લેશે.

# SURAT C.R. PATIL

સુરતના સચિનમાં આવેલી 350 મશીનવાળી કાપડનું ઉત્પાદન કરતી એક અદ્યતન ફેક્ટરીને કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર. પાટીલે ખુલ્લી મુકી હતી.

અમારા સુરતના પ્રતિનિધિ લોપા દરબાર જણાવે છે કે, નવી ટેક્સટાઇલ પોલીસીની જાહેરાત વચ્ચે સુરતમાં આ ગારમેન્ટ ફેક્ટરી શરૂ કરવામાં આવી છે. આ ફેક્ટરી ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીઝ સાથે કદમથી કદમ મિલાવીને કામ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરતનું કાપડ બજાર વિશ્વના દરેક ખુણા સુધી પહોંચી ગયું છે અને સુરતમાં ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીઝને લગતુ સેટઅપ પણ ઉભું કરવામાં આવી રહ્યું છે.

# CM- SASHATRA SENA DIVAS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે સશસ્ત્ર સેના ધ્વજ દિવસ નિમિત્તે ગાંધીનગરમાં ફાળો અર્પણ કરીને દેશના વીર સેનાનીઓ પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરી હતી. દેશની રક્ષા માટે પોતાના પ્રાણોનું બલિદાન આપીને વીરગતિને વરેલા સશસ્ત્ર દળોના જવાનોના પરિવારોના કલ્યાણ માટે સશસ્ત્ર સેના ધ્વજ દિવસે સૌ કોઇ સ્વૈચ્છિક ફાળો- દાન અર્પણ કરીને તેમની સેવાઓનો ઋણ સ્વીકાર કરે છે.

# GUJ. MSME UDHYOG

લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ- MSME ક્ષેત્રે ગુજરાત દેશમાં પાંચમા અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે પ્રથમ ક્રમે છે.

ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ઉદ્યોગ એકમોની નોંધણીમાં પ્રતિવર્ષ સરેરાશ 25 ટકાથી 30 ટકાનો વધારો જોવા મળ્યો છે. રાજ્યમાં 21 લાખ 81 હજાર કરતાં વધુ એકમોના ઉદ્યમ રજીસ્ટ્રેશન થયા છે, જેમાં 20 લાખ 89 હજાર લાખથથી વધુ સૂક્ષ્મ ઉદ્યોગો, 84 હજારથી વધુ લઘુ ઉદ્યોગો તેમજ આઠ હજાર 700થી વધુ મધ્યમ ઉદ્યોગોનો સમાવેશ થાય છે. છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કુલ 47 હજારથી વધુ MSME એકમોને બે હજાર 89 કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય દેશના ઉત્પાદનમાં 16 ટકા, જીડીપીમાં 8.6 ટકા અને 26 ટ્રિલિયનના ફાળા સાથે દેશમાં ત્રીજા ક્રમે છે. આ ઉપરાંત, દેશની કુલ નિકાસમાં ગુજરાત 30 ટકાથી વધારે હિસ્સો ધરાવે છે. રાજ્યના વિકાસમાં MSME એકમોનો 40 ટકાથી વધુ ફાળો છે.

# BOTAD KUVARJI BAVALIYA

આજથી રાજ્યના 16 જીલ્લા અને ચાર મહાનગરપાલિઓમાં 11 દિવસ સઘન ટીબી નાબૂદી ઝુંબેશનો પ્રારંભ થયો છે. બોટાદમાં આ ઝુંબેશનો પ્રારંભ કરાવતા પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ ટીબીના રોગોમાં યોગ્ય સારવાર અને પરેજી રાખવાથી ટીબી મુક્ત થયાની વાત કરી હતી અને ટીબીની યોગ્ય સારવાર માટે અધિકારીઓને અપીલ કરી હતી. આ પ્રસંગે બોટાદ જીલ્લા કલેક્ટર સહિત અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.